

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

## સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

ખેંચાય દોરી કેન્દ્રથી ને કઠપૂતળાં નાચે છે!
ગાડર વૃત્તિથી ચાલે છે છતાં મસ્તીમાં રાચે છે!
ઘાંચે છે કૌશલ્યો ને પાધરી થઈ પારદર્શીતા -
હિંમત-આવડત-સાહસ અને બુદ્ધિ ટાંચે છે
(કેન્દ્ર પગલે - ધો.૧૨ની પરીક્ષા રાતોરાત બંધ

હાઈકુ

વહીવટની
થઈ ગઈ પરીક્ષા -
થયા નપાસ!!
(શિક્ષણનું બારણું)

હાર ને પણ -
ઉજવે આનંદથી -
માને 'વિજય'
(નાકે બેઠેલી માખી -
તલવારથી મારી)

## ચિંતન

**વિવેક: સહસંહત્યા વિનયો વિધયા સહ ।**
**પ્રભુત્વ પ્રશ્રયોચેતં ચિહ્નમેતન મહાત્મનામ્ ॥**

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત પદ્યાવલિમાંથી લેવામાં આવેલ છે.

સંયમની સાથે વિવેક અર્થાત કોણ સારું કોણ ખરાબ, સાચા-ખોટાની પરખ, વિદ્યાની સાથે વિનય અને સત્તા સાથે નમ્રતા એ મહાનતાના લક્ષણ છે.

કેટલાક લોકો 'તપ' તો કરે છે, તપ સામાજિક સેવાના ક્ષેત્રમાં હોય કે આધ્યાત્મિક ક્ષેત્રમાં કે પછી સત્તાના ક્ષેત્રનું પણ હોઈ શકે. આવા તપનું લક્ષિત પરિણામ પણ કદાચ મળે પણ વ્યક્તિને પોતે જે 'તપ' કર્યું હોય એનું અભિમાન આવી જાય એ બરાબર નથી. સંયમ સાથે બુદ્ધિ વિવેક, સાચુ-ખોટું જાણવાની નિર્જન કરવાની શક્તિ આવે તે જરૂરી છે.

સર્વોત્તમ ડિગ્રી હોય કે યાંત્રિક ટેકનિકલ જ્ઞાન પણ હોય તેને કારણ મદ-અભિમાન. સાથે ઉદ્ધતાઈ કે આવડતનું ઘમંડ ન આવવું જોઈએ. વિદ્યાની સાથે નમ્રતા-વિનય પણ હોવો જરૂરી છે.

સત્તા પદની ગરીમા તો જ સચવાય છે કે એની સાથે વ્યક્તિ વિનમ્ર હોય, નમ્રતા-વિનય અને ક્ષમાથી જ પદનો વૈભવ વધે છે. આવા સદ્ગુણ હોય એમાં જ મહાનતા સમાયેલી છે.

## સુવિચાર

- જેમ સોનામાં જડેલું રત્ન શોભે છે તેમ વિવેકથી મઢેલો મનુષ્ય શોભે છે - **ચાણક્ય**
- પરિસ્થિતિ આપણને સાચવી લે એ આપણું નસીબ,
  પરંતુ જો આપણે પરિસ્થિતિને સાચવી લઈએ તે આપણી સમજણ - **બોધિવૃક્ષ**
- જગતને તમારા સિદ્ધાંતોથી કોઈ લેવાદેવા નથી, બસ,
  તમે કામ ન આવો એટલે તમે નકામા - **એસ. ભટ્ટાચાર્ય**
- બાળકના બૌદ્ધિક અને કાલ્પનિક જીવનનો પાયો તેની માતૃભાષા જ છે - **નવલભાઈ શાહ**
- પ્રશ્ન : સફળતાની પરિભાષા શું ? ઉત્તર : જેનો કયારેય થાક ન લાગે એનું નામ સફળતા - **શિવખેરા**
- આજના જમાનામાં બે વસ્તુ ખરેખર દુર્લભ છે એક : સાચો રાજકારણી અને
  બે : ઈમાનદાર ચોર - **કચ્છમિત્ર**
- આજનું ઔષધ : રોજ પીપળાના બે પાન ચાવી ચાવીને ખાવાથી શરીરમાં પ્રાણવાયુનું પ્રમાણ વધે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

## બોધકથા

'ભારત રત્ન' વિશ્વેસરૈયાને એકવાર આંગળીમાં ઊંડો જખમ થયો. જે ડૉકટર એમની સારવાર કરતા હતા તેઓ માટે એ સદ્ભાગ્ય હતું કે આવા મહાન ઈજનેરની સારવાર કરવાની તક એમને મળી. ઘા રૂઝાઈ જતા વિશ્વેસરૈયાએ ડૉકટરને સારવારનો ચેક મોકલી આપ્યો. ડૉકટરને આશ્ચર્ય થયું. તેમણે કહેવડાવ્યું કે આપની સારવારની ફી લેવાની નથી. એ ચૅક વટાવવાને બદલે પોતાની પાસે રાખી ડૉકટર ખુદ એક સાંજે વિશ્વેસરૈયાને મળવા ગયા. ડૉકટરે કહ્યું, 'આપ જેવા મહાન હસ્તીની મને સારવાર કરવા મળી તે મારું સદ્ભાગ્ય ગણાય. અને આપે કોઈ ફી આપવાની જરૂર નથી.' વિશ્વેસરૈયાએ કહ્યું, 'ડૉકટર સાહેબ, તમે સારવાર કરી તેની ફી તો મારે તમને ચૂકવવી જ જોઈએને !!' ડૉકટરે કહ્યું, 'અરે !! સાહેબ!! સારવાર કરીને હું સ્વયં કૃતાર્થ થયો છું.' વિશ્વેસરૈયાએ કહ્યું, 'તમે કૃતાર્થ થયા તે ખરું પણ મારાથી એ સારવારની ફી ન લો તો મેં કર્તવ્યચૂક કરી ગણાય. જે દર્દી ફી આપી શકે તેની ફી જરૂર લેવી, પણ જે દર્દી ફી આપી શકે તેમ ન હોય, તેની ફીની લાલસા ન કરવી. આપે ડૉકટર તરીકે કર્તવ્ય બજાવીને મારી સારવાર કરી. હવે મારું એ કર્તવ્ય છે કે મારે એની ફી આપવી જોઈએ. તમને ફી ન આપું તો મેં કર્તવ્યચૂક કરી ગણાય, માટે મારી ફી સ્વીકારો.' ડૉકટરને વિશ્વેસરૈયાની વાત સમજાયી કે પોતાનાં મહાન કાર્યોમાં સદાય કર્તવ્યપરસ્ત રહેલા આવા સજ્જન એક નાની કર્તવ્યચૂક પણ સાંખી લેવા તૈયાર નથી. અંતે તેમણે ફીનો ચૅક સ્વીકારવો પડ્યો.

# ગૂગલ ગુરુને કર્ણાટકી તમાચો

**તંત્રીસ્થાનેથી...**

મા અને માતૃભૂમિ જેટલી જ માનવીને વહાલી છે એની માતૃભાષા. આપણે ગુજરાતીઓ આ મુદ્દે જરા કાચા પડીએ છીએ અને માતૃભાષાને વખારે નાખી અંગ્રેજીના ખોળે બેસી જતાં અચકાતા નથી. અંગ્રેજી આમ તો એક નાનકડા ઈંગ્લેન્ડ જેવા દેશની પ્રજાની ભાષા, પણ એ પ્રજા એટલી બલૂકી નીકળી કે એણે આખી દુનિયાને ઊંધી પાડી દીધી અને પોતાની ભાષા સંસ્કૃતિ સ્વીકારવા મજબૂર કરી દીધી. હવે આપણે એવી દુર્દશાને પામ્યા છીએ કે અંગ્રેજી વગર આપણો ઉદ્ધાર જ નથી. કોમ્પ્યુટર ક્રાંતિ આવ્યા પછી તો હવે અભણ માણસ પણ અંગ્રેજીના મોઢા સામે જોઈ રહે છે. ગૂગલ જો કે અંગ્રેજી સિવાયની ભાષાઓમાં પણ માહિતીનો ખજાનો ઉપલબ્ધ કરાવે છે, પણ એ બધું આખરે તો મહદંશે અનુવાદ જેવું લાગતું હોય છે. ભારત આ બધા માટે બહુ મોટું બજાર બની ગયું છે. ગૂગલ 'સર્વજ્ઞ' હોય એમ જે પૂછો એનો જવાબ આપી દે છે. હમણાં કોઈએ એમ પૂછ્યું : ભારતીય ભાષાઓમાં સૌથી કદરૂપી (ખ્રન્નઅ) ભાષા કઈ ? અને ગૂગલ ગુરુએ તાબડતોબ જવાબ આપ્યો : કન્નડ. ગૂગલ ભારતની એક પ્રાચીન અને સાહિત્ય-સમૃદ્ધ ભાષાને ભદ્દી કહીને ઉતારી પાડે એ ફક્ત કન્નડભાષીઓનું જ નહીં સમસ્ત ભારતનું અપમાન ગણાવું જોઈએ. ભારતનું સર્વોચ્ચ સાહિત્ય સમ્માન - જ્ઞાનપીઠ એવોર્ડ સૌથી વધુ વખત કન્નડ સાહિત્યકારોના ફાળે ગયોલ છે. એટલું જ નહીં, 'કન્નડિગા' તરીકે પોતાને ગર્વપૂર્વક ઓળખાવતી પ્રજાએ એના સાહિત્ય અને સાહિત્યકારોને ભારતના અન્ય પ્રદેશોની સરખામણીમાં વધારે લાડ લડાવ્યા છે. આપણા મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોશીની સાથે કન્નડ ભાષાના મહાકવિ કે.વી. પુટપ્પા (કુવેમ્પુ)ને જ્ઞાનપીઠ પારિતોષિક મળેલું. આપણે ઉમાશંકરનું સમ ખાવા પૂરતું બાવલું પણ અમદાવાદમાં ન મૂકી શક્યા જયારે કન્નડ પ્રજાએ આખી મૈસૂર યુનિવર્સિટીને એમના મહાકવિના નામ સાથે જોડી દીધી. એટલું જ નહીં, મૈસુર, બેંગલુરુ અને અન્ય શહેરોમાં મહાકવિના નામ સાથે વસાહતોનાં નિર્માણ કરાયાં. 'કુવેમ્પુનગર' નામે આવી વસાહતો કર્ણાટકના દરેક શહેરમાં જોવા મળશે. કન્નડ ભાષામાં યુરોપિયન ભાષાઓ કરતાં વધુ સમૃદ્ધ સાહિત્ય સરજાયું છે. ચૌસર કરતાં એમાં વહેલું મહાકાવ્ય રચાયું છે. કન્નડ ભાષી નેતાઓએ એક સામટો પ્રતિકાર કર્યો અને રાજય સરકારે તો રીતસરનો કેસ કરવાની ધમકી આપી ત્યારે ગૂગલ ગુરુ ઢીલા પડ્યા અને આ તો અમારા સર્ચ એન્જિનની ભૂલ છે, અમારી નહીં - એવા બચાવમાં પડી ગયા. કન્નડભાષીઓની માફી પણ માગી લીધી. જો કે આ જ બાબત મરાઠી ભાષા સંદર્ભે બની હોત તો ગૂગલને મુંબઈ, પુણે અને અન્ય શહેરોમાંથી નાસતાં ભોંય ભારે પડી ગઈ હોત. રાજ ઠાકરેએ મરાઠી માણૂસની અસ્મિતાના પ્રશ્નો આંદોલન છેડી દીધું હોત અને મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેનું તેમજ શિવસેનાનું એમને સમર્થન પણ સાંપડ્યું હોત. આવી જ ભાષા પરત્વેની જાગૃતિ તમિળ ભાષી અને બાંગ્લા ભાષી પ્રજામાં છે. બાંગ્લા ભાષાનું અપમાન કરનાર પાકિસ્તાની હુકમરાનો સામે બળવે કરી પૂર્વ પાકિસ્તાન તરીકે ઓળખાતો ભરચક વસતિ ધરાવતો પ્રદેશ અલગ દેશમાં ફેરવાઈ ગયો હતો તે કોણ નથી જાણતું ? એની ભાષા પ્રીતિના સમ્માન સ્વરુપે બાંગ્લાદેશની સ્થાપનાનો દિવસ વિશ્વ માતૃભાષા દિન તરીકે ઊજવાય છે. મા, માટી, માનુષના મુદ્દા પર મમતા બેનરજીએ મહારતીઓને ભૂ પીતા કરી દીધાં છે. રવીન્દ્રનાથ ટાગોર કોઈ પણ રાજકીય મહાપુરુષ કરતાં બંગાળ માટે મોટા માણસ છે, આજ પર્યંત. બલકે ઈસ્લામિક રાષ્ટ્ર બન્યા પછી પણ બાંગ્લાદેશે રવીન્દ્રનાથની રચના 'આમાર સોનાર બાંગ્લા'નો રાષ્ટ્રગીત તરીકે સ્વીકાર કરેલ છે. ગૂગલ ફૂગલની શી વિસાત છે કે આ મહાન દેશની મહાન ભાષાઓ વિશે એલફેલ બોલે?

# જિંદગી પ્રત્યેક પળે પરીક્ષા લેતી હોય છે!



**આરપાર**
રાઘવજી માધડ

એક વ્યંગ ચિત્ર જોવા,વાંચવા મળ્યું. તેમાં પત્ની પતિને કહે છે: 'તમેતો નોકરીમાં કામ કરી,કરી તૂટી ગયા છતાંય પ્રમોશન મળ્યું નહીં. પણ આપણા ટીનુને માસ-પ્રમોશન મળી ગયું !'આ વ્યંગ ચિત્ર સાંપ્રત શિક્ષણ સ્થિતિ વિશે ઘણું કહી જાય છે...સમજાય તેને વંદન, બાકી સૌને અભિનંદન !

આજકાલ બોર્ડની પરીક્ષાઓ રદ થયાનો મુદ્દો ભારે ચર્ચામાં છે. ટાઈમ ટેબલ જાહેર થઈ ગયા પછી, એકાએક પરીક્ષા રદ થાય... તે સૌને માટે આશ્ચર્યજનક છે. કોરોના કાળ કાંઈ રાતોરાત ઊગીને ઉભો નથી થયો તે પરીક્ષા યોજવાના દિવસો બાકી હોય અને u-turn લેવો પડે ! પણ લીધો તે હકીકત છે.

ન્યુઝ પેપર કહે છે: આ અંગે વાલીઓના મિશ્ર પ્રતિભાવ મળી રહ્યા છે. અભ્યાસ બાબતે આખું વર્ષ મૂંઝવણભર્યું અને નિરાશાજનક પસાર થયું છે. વિકલ્પરૂપે ઓનલાઈન એજ્યુકેશન આપવામાં આવ્યું. પણ તેનાથી સારું ને ધાર્યું પરિણામ આવ્યું નથી.વળી કોરાનાની ત્રીજી લહેરના ભણકારા વાગી રહ્યા છે... આવા સંજોગોમાં પરીક્ષા રદ થયાનું ઘણાં આવકારે છે. તો બીજી તરફ જે વિદ્યાર્થીઓએ આખું વર્ષ સખત મહેનત કરી છે,પરીક્ષામાં સારા ગુણથી પાસ થવાના સ્વપ્ન સેવ્યા છે તે મૂંઝવણમાં મુકાઈ ગયા છે. હવે આગળના અભ્યાસ માટેના પ્રવેશનું શું ? અપેક્ષા મુજબનું અટકી ને છટકીતો નહીં જાય ને !? વાલી અને વિદ્યાર્થીઓ માટે ચિંતાનો વિષય બન્યો છે. પ્રતિભાવમાં આવા અનેક પ્રશ્નો ચર્ચાય રહ્યા છે. પણ પ્રશ્નોનું સમયોચિત નિરાકરણ થાય એવું ઈચ્છીએ.અને પરીક્ષા રદ કર્યાનો નિર્ણય ખોટો નથી. વિદ્યાર્થીઓના આરોગ્યનું પણ જોવું રહ્યું. જાન હે તો જહાન હૈ ! અને પરીક્ષા ન લેવાય તે સ્થિતિ કાયમી નથી. તેના કોઈ વિકલ્પો વિચારાશે તેવી આશા અસ્થાને નથી. હા, આ લખાય છે ત્યારે મૂલ્યાંકનનું માળખું પણ તૈયાર થઈ ચૂક્યું છે.

આ સઘળા પ્રશ્નના મૂળમાં જઈએ તો,ક્ષતિયુક્ત પરીક્ષા પદ્ધતિ છે. તેનું સ્વરૂપ સાચું નથી.આ સ્વરૂપ ના લીધે શીખવું, શીખવવાનું ગૌણ બની ગયું છે. ક્લાસરૂમમાં જે પ્રક્રિયા થાય તે પરીક્ષાને કેન્દ્રમાં રાખીને જ થાય. આપણું શિક્ષણ પરીક્ષાલક્ષી બની ગયું છે. વર્તમાન પ્રણાલી પરીક્ષા આધારિત થઈ ગઈ છે. વિદ્યા થીંઓને પરીક્ષા માટે ભણવાનું છે કે ભણવા બદલ પરીક્ષા આપવાની છે.. તે નક્કી કરવું મુશ્કેલ થઈ ગયું છે. વળી આપણે પરીક્ષા દ્વારા શેનું માપન કરી રહ્યા છીએ... જ્ઞાન, સમજ, આવડતનું કે પછી સ્મૃતિને ચકાસી રહ્યા છીએ? ક્યારેક તો,આવડતું હોય તે પરીક્ષામાં પૂછાય ન હોય ને પૂછાયું હોય તે આવડતું ન હોય !

અને પરીક્ષા બાદ જે પ્રમાણપત્ર પ્રાપ્ત થાય તે માન્ય છે. પણ પ્રમાણપત્ર પ્રાપ્તકર્તાની ખરેખર આવડત અને કાબેલિયત કેટલી ? એક પરીક્ષા, થોડા સમયના અંતરે ફરી લેવામાં આવે તો,પ્રથમ પરીક્ષા જેટલા જ ગુણ પ્રાપ્ત થાય ખરા ? અખતરો કરવા જેવો છે.

વર્તમાન પરીક્ષા પદ્ધતિ હવે પરિવર્તન ઝંખી રહી છે.તેમાં બદલાવ આવવો જોઈએ.આપણે આફત ને અવસરમાં પલટાવનારી પ્રજા છીએ એવું કહેવામાં આવે છે.કોરોનાની આફતે શિક્ષણ સંદર્ભે પરિવર્તનનો અવસર આપ્યો ગણી શકાય. એકતો શૈક્ષણિક વર્ષ જૂનથી જ શા માટે શરુ થાય?આ અંગ્રેજોની દેણગી છે. તેને ઉનાળાની ગરમી નડતી હતી. જાન્યુઆરીથી ડીસેમ્બર શૈક્ષણિક વર્ષ હોઈ શકે.આ પરીક્ષાપદ્ધતિમાં પણ બદલાવ લાવવાની તક ઉભી થઈ છે. આ તક ઝડપવામાં શાણપણ છે.લોઢું ગરમ છે, હથોડો મારીદ્યો !

આપણે ત્યાં શિક્ષણમાં અગણિત અખતરા થયા છે. પણ અખતરાના અંતે પ્રાપ્ત પરિણામના પડખે ઊભા રહેવાની ધીરજ ધરી શકયા નથી. વળી એક અખતરો પાકે નહીં તે પહેલા જ બીજા અખતરાના બીજ રોપાઈ જાય છે ! અમુક અખતરા તો હોદ્દા ને વ્યક્તિ આધારિત હોય છે !

વાલી, વિદ્યાર્થીઓ પરીક્ષા સંદર્ભે ચિંતિત હોયતે સમજી શકાય એવું છે. પણ જેમ શિક્ષણ ફી અંગે અવાજ ઉઠ્યો હતો તેમ શિક્ષણ, ગુણવત્તા અને પરીક્ષાપદ્ધતિ અંગે કેમ અવાજ ઉઠતો નથી !? વિચારો...

વરસ દરમ્યાન વિદ્યાર્થીઓને જે શિક્ષણ મળે, મળ્યું તે અગત્યનું છે.અને જે ખરેખર શીખ્યો હશે, કૌશલ્ય કેળવાયું હશે, આવડત ઊગી હશે તે જ આ ગ્લોબલ માર્કેટમાં ટકી શકશે. માત્ર પ્રમાણપત્રોથી ચાલે એવો આ યુગ નથી. અને જિંદગી પ્રત્યેક પળે પરીક્ષા લે છે તે ભૂલવા જેવું નથી.

**છેલ્લે :**

**અપેક્ષા અને વાસ્તવિકતા વચ્ચેનું અંતર એ સમસ્યાનું એપી સેન્ટર છે.**

http://raghavjimadhad.blogspot.com
mo. 94270 50995

# પરિવારો તૂટી રહ્યા છે અને આપણે નિ:સહાય છીએ, શા માટે ?



**મોરપીંછના રંગ**
ડો. કનૈયાલાલ ભટ્ટ

આપણા દેશમાં આજથી થોડા (૨૫/૩૦) વર્ષો પહેલા જ મોટેભાગે સંયૂક્ત પરિવારો હતા. પરંતુ આજે આ શબ્દ જ વિસરાતો જાય છે. આજની ઈન્ટરનેટ સાથે જન્મેલી પેઢીને સંયૂક્ત પરિવારોની વિભાવનાની કદાચ ખબર પણ નહીં હોય. અગાઉના સમયમાં દરેક પરિવારમાં પાંચ છ સંતાનો સાહજિક હતા. અને જેટલા દીકરાઓ હોય એટલા રૂમવાળા ઘર બનાવવામાં આવતા. ઘરમાં એક ઓસરીએ બધા રૂમ હોય. બાજુમાં રસોડું હોય, જેની આગળ ઓસરીએ પાણીયારું હોય. ત્રણ દીકરા હોય તો લગ્ન પછી ત્રણેયને જુદા જુદા રૂમ હોય. અને બધાના સંતાનો એક સાથે ઉછરે, રમે અને માતાપિતા તથા દાદા દાદીની વાતો, અનુભવો, પ્રસંગો, ધાર્મિક, પૌરાણિક કથાઓ સાંભળી સાંભળીને સંસ્કારિત થતા. જીવનમાં સચ્ચાઈ, સત્યનું મહત્વ, વડિલો પ્રત્યેનો આદરભાવ, ભાઈ ભાંડુઓ પ્રત્યેની સંવેદના, વ્યવહારના પાઠ, ધાર્મિકતા, આ બધુ બાળકોને મળતું જે આજે આ બધું આપણે ગૂમાવી ચૂક્યા છીએ.

એ વખતે પરિવાર, માતાપિતા, ખાનદાન જોઈને કોઈ દીકરી આપતું. છોકરામાં કદાચ થોડીઘણી કોઈ ખોટ હોય કે દેખાવડો ના હોય કે ઓછું કમાતો હોય કે ઓછું ભણેલો હોય પણ જો ખોરડું (ખાનદાન) સારું હોય તો માબાપ પોતાની દીકરી હસતા હસતા આપતા. કેમ કે એ વખતે સાચું સુખ માત્ર પતિ નહી, સમગ્ર પરિવાર હતો. એની ખાનદાની, સંસ્કાર હતા. અને એ વખતે પણ દીકરાઓ લગ્ન પછી જુદા થતા હતા. પણ એ એક ઘરમાં વધારે ઓરડા ના હોય તો પિતા જાતે દીકરાને બાજુમાં બીજું ઘર લઈ આપતા અને આમ છતાંય ખેતર-વાડી એક હોય, દુકાનનો વ્યવહાર એક હોય, નોકરી ધંધા એક હતા. બધા દીકરા કમાઈને પિતાને આપી દેતા અને પિતા બધો વ્યવહાર સંયૂક્ત રીતે કરતા.

ધીમે ધીમે રેડિયોમાંથી ટી.વી. આવ્યા. લેન્ડલાઈનમાંથી મોબાઈલ આવ્યા, પેજરમાંથી ઈન્ટરનેટ આવ્યું. પછી ફેસબૂક, વૉટ્સપ અને આખું સોશિયલ મીડિયાએ આવીને આપણા આખા દેશના સંસ્કારી વડલાને પાયામાંથી હચમચાવી નાખ્યો. આજે આપણો આ સાંસ્કારિક વારસો, પારિવારિક વારસો ધ્વસ્ત થવાની તૈયારીમાં છે. આ બધું આપણે જાણીએ છીએ પણ મૌન છીએ, નિ:સહાય છીએ.

આ ૨૧મી સદીએ અનેક નવી સિદ્ધિઓ, સમૃદ્ધિઓ અને ચમત્કારો આપણને આપ્યા પણ આપણી પારિવારિક સંવેદનાઓ, ભાવનાઓ, એકબીજા પ્રત્યેનો પ્રેમ, માન સન્માન, આદર આ બધું છિનવી લીધું. આજે બે ત્રણ દીકરાઓનો પરિવાર માતા પિતા સાથે એક ઘરમાં રહેતો હોય એવા સંયૂક્ત પરિવારો ભાગ્યે જ ક્યાંક જોવા મળે છે. કેમ કે આજે બધાને સ્વતંત્રતા જોઈએ છે, અને આ ભાવના આધુનિક ઉપકરણોના પ્રવેશોથી આવી છે. દરેક વ્યક્તિ પહેલા પરિવારલક્ષી વિચાર કરતો અને આજે દરેક વ્યક્તિ માત્ર સ્વયંલક્ષી વિચારે છે. સૌ પહેલા પોતાનું વિચારશે. પછી પણ પોતાનું જ વિચારશે અને ત્યાર પછી પણ પોતાનું જ.... માતાપિતાનું કે ભાઈભાંડુઓનું કે અન્ય સગાસંબંધીઓનું તો વિચારવાનું સાવ વિસરાઈ ગયું છે. આજે એક ઘરમાં ત્રણ કે ચાર વ્યક્તિના પરિવારમાં માતાપિતા, દીકરો દીકરીની વચ્ચે સ્નેહનો તંતુ નથી, સંવેદના નથી, ઘણી જગ્યાએ તો ચારેય વ્યક્તિઓ એકબીજાની સાથે બોલતા નથી હોતા એટલી હદે પરિસ્થિતિ બગડી રહી છે. ઘરમાં એક જ દીકરો હોય પણ એ જ દીકરો માતાપિતા સાથે બોલતો ના હોય, નાનીનાની વાતમાં જીદ કરતો હોય, ઝગડતો હોય છતાંય માબાપ એને સમજાવી નથી શકતા, ક્યાંક એક નો એક દીકરો આડા રસ્તે ચડી ગયો હોય, ખરાબ મિત્રોની સંગત હોય, શરાબ, જુગાર અને વ્યભિચારના રસ્તે હોય, શિક્ષણ પુરું ના કર્યું હોય, આજુબાજુ પડોશીઓ સાથે મારપીટ કરતો હોય, .. આવા માતાપિતાની માનસિક સ્થિતિ કેવી હશે ? પણ આ સ્થિતિના સર્જનહાર એ માતાપિતા જ હોય છે. મોટેભાગે સંતાનોને બાળપણથી આપેલી અતિ સુખ સમૃદ્ધિ આવા પરિણામો લાવે છે. એક ઘરમાં રહેનાર ભાઈ બહેન એકબીજાની સાથે બોલતા ના હોય એ માતાપિતાની કેવી કરૂણતા કહેવાય ? એમનામાં એટલી સમજદારી નથી, સંસ્કાર નથી કે તેઓ પોતાના સંતાનોને એક રાખી શકે. તમામ સગવડ અને સ્વતંત્રતા આપવાથી આવા જ સંતાનો મળે છે. એના પરિણામો આખી જિંદગી ભોગવવા પડે છે.

મેં જોયું છે કે ઘણા પરિવારોમાં બાળકોનો ઉછેર રામભરોસે થતો હોય છે. મોટાભાગના યુવાવસ્થામાં બનેલા માતાપિતાઓ એવું માની બેસે છે કે પોતાના બાળકોને સારું ખવડાવવું-પીવડાવવું, સારું પહેરાવવું, બધી સગવડ આપવી એ સાચો ઉછેર છે. કેમ કે તેમનો ઉછેર પણ એમ જ થયો હોય છે. જે યુવાનોએ પોતાના ઘરમાં નાના નાની કે દાદા દાદીને નથી જોયા, એમની વાર્તાઓ, વાતો નથી સાંભળી, એમની આંગળી પકડીને ચાલતા નથી શીખ્યા, એ યુવાનો મોટા થઈને પોતાના માતાપિતાને પણ સાથે નથી જ રાખવાના. કેમ કે આજે બાળક હોય કે યુવાન હોય... એ જે જૂએ છે એ શીખે છે. અને પછી આપણે એને કર્મનું ફળ કહીએ છીએ. કર્મનું ફળ તો હોય જ છે. એક પેઢી, એક પરિવાર જે વ્યવહાર બધા સાથે કરે છે એ જ વ્યવહાર આવતી પેઢી તેમની અને તેમના પરિવાર સાથે કરવાની છે જ. જે ઘરમાં માતાપિતા હયાત હોય અને દીકરાના લગ્ન થાય, એના સંતાનો થાય અને સૌ સાથે રહેતા હોય, તો આ બધું બાળક જૂએ છે, એ બાળક થોડું સમજણું થતા બધું સમજે છે. એ બાળકે જો તેના પપ્પાએ તેમના પિતાને ભોજન કરાવતા, સેવા કરતા જોયા છે, આદર આપતા જોયા છે, એમની દરેક વાતોનું માન રાખતા જોયા છે તો એ સંસ્કાર સ્વરૂપે બાળકના માનસમાં અંકિત થશે અને એ બાળક જ્યારે યુવાન થઈ પરણશે ત્યારે એ પણ એના મમ્મી પપ્પા સાથે એવો જ વ્યવહાર કરશે. કેમ કે એણે એના મમ્મી પપ્પાને એ રીતે સેવા કરતા, આદર, માન સન્માન આપતા, જોયા હતા, આ પરમ સત્ય છે. પણ દુ:ખની વાત એ છે કે મોટાભાગના ઘરમાં આવું નથી બનતું, પરિવારો વિભાજિત થઈ રહ્યા છે. સંતાન, મમ્મી પપ્પા, માતા પિતા આ બધા એક ઘરમાં એકસાથે રહેતા હોય એવું ઓછું બને છે. આજે એવા લાખો દીકરાઓ છે જેઓ માતા પિતાને કારણે ઉચ્ચશિક્ષણ લઈ પગભર થયા હોય, સમૃદ્ધ થયા હોય, પણ એવા અસંખ્ય દીકરાઓ એ જ માતાપિતાના વૃદ્ધાવસ્થાના છેલ્લા વર્ષો સાચવી નથી શકતા. માતાપિતાને સાથે રાખી નથી શકતા. જે યુવાન માતાપિતાની સંપતિના ભોગે વિદેશ અભ્યાસ કરવા જાય છે. અને ત્યા જ સ્થિર થાય છે તે જ યુવાન પછી માતાપિતાને સાથે રાખી શકતો નથી. કેમ કે એને માતાપિતા કદાચ જુનવાણી લાગે છે. બે પેઢી વચ્ચેનું માનસિક અંતર યુગોથી ચાલતું આવ્યું છે અને યુગો સુધી ચાલશે. શક્ય છે કે આજની યુવા પેઢી પાસે આધુનિક ટેકનોલોજીનું વિશેષ જ્ઞાન હશે પણ માતા પિતા કે નાના નાની પાસે જે વ્યાવહારિક અને વ્યાવસાયિક અનુભવોનું જે જ્ઞાન છે તે અત્યારની યુવા પેઢીને દુનિયાના કોઈ ગુગલમાંથી મળવાનું નથી. અને તેથી જ આપણી ભારતીય પારિવારિક પ્રથા, પરંપરા વિશ્વમાં શ્રેષ્ઠ મનાય છે. એક પરિવાર બનતા ઘણા વર્ષો લાગે છે. એમાં દરેક સભ્યોને પ્રેમના, સ્નેહના તાંતણે બંધાયેલા હોય છે. એકબીજા પ્રત્યે માન, સન્માન, આદરની ભાવના હોય છે. એકબીજાના સુખદુ:ખમાં સૌ એક બીજાની સાથે ઊભા હોય છે. કોઈ થાકી જાય, હારી જાય, નિષ્ફળ જાય કે તૂટી જાય તો આખા પરિવારના નાના મોટા સૌ સદસ્યો એને પ્રોત્સાહિત કરે છે. મમ્મી પપ્પા હિંમત આપે છે, ઉત્સાહિત કરે છે, નાના નાની કે દાદા દાદી પોતાના અનુભવોનું અમૃત પાય છે અને વ્યક્તિમાં નવો પ્રાણ ફૂંકે છે. વ્યક્તિને ફરી લડવા માટે, સંઘર્ષ કરવા માટે તૈયાર કરે છે. કેમ કે આજની યુવા પેઢી પાસે ગુગલની દુનિયાભરની માહિતી છે પણ જીવનના અનુભવોનું જ્ઞાન નથી. એ તો માતાપિતા પાસેથી જ મેળવી શકાય છે.

આજે પરિવારો તૂટતા બચાવવા હોય તો સંતાનોએ નહી, માતાપિતાઓએ જાગૃત થવાની જરુર છે, જે જે પરિવારોમાં માતાપિતા બહાર રહે છે, વિદેશ રહે છે, વૃદ્ધાશ્રમમાં રહે છે. સઘળી જગ્યાએથી માતાપિતાને બોલાવી સાથે રાખવાથી સંતાનોમાં આ સંસ્કાર ઉતરશે. તમે જેટલું મહત્વ તમારા માતાપિતાઓને આપશો, જેટલું માન સન્માન આદર માતાપિતાઓને આપશો એટલું જ મહત્વ, માન સન્માન તમને તમારા સંતાનો પાસેથી મળશે, એ પરમસત્ય છે...

9426060601.india@gmail.com

# રિયાલીટી શૉ મે રિયાલીટી ઢુંઢતે હો ? : પગલા ગયે હો કા?!



**રઝળપાટ**
અજય ઉપાધ્યાય

માત્ર એક કે બે મિનિટમાં કોઈ ગીતની બે કે ત્રણ લાઈન ગાતા સિંગરો (આઈ મીન પ્રતિયોગીઓ)... એ પ્રતિયોગીના અહી સુધી પહોચવા પાછળની ઓડિયો-વિડીયો સ્વરૂપે રજૂ થતી વાર્તા (મોટાભાગે તો ગરીબી ની વાતો)... એ વાતોને જોતાં-સાંભળતા જ જજીસની ભીની થતી આંખો.... પ્રતિયોગીનું ગીત પૂરું થતાં જ (મોટા ભાગે) જજીસ દ્વારા થતી વાહવાહી...ઔર ના જાને ક્યા ક્યા...?? ઈંડિયન ટેલીવિઝન પર રજૂ થતાં લગભગ બધા જ રિયાલીટી શો નું આ સ્ટાન્ડર્ડ ફોર્મેટ છે. અહી ભલે વાત કોઈ સીંગીંગ રિયાલીટી શો ની કરી હોય પણ આ ક્રાયટેરિયા ડાંસિંગ રિયાલીટી શો....ગેમ રિયાલીટી શો કે એડવેન્ચર રિયાલીટી શો ને લાગુ પડે છે. ઈંડિયન ટેલીવિઝન પર રજૂ થતાં રિયાલીટી શો ના લાખો ચાહકો છે અને એમાના મોટાભાગના શો સાથે ઈમોશનલી જોડાયેલા છે. ટીવીના નાના પરદે રિયાલીટી શો માં રજૂ થતાં પ્રતિયોગીઓને પ્રેઝંટ જ એવી રીતે કરાય છે... એમની ઈમેજ જ એવી રીતે ડેવલોપ કરાય છે કે એ લોકો કોઈ સ્ટારથી કમ નથી લાગતાં...પછી ચાહે કપડાં હોય... શો માં જ એમના લવ અફેર હોય....એમની ટેલેન્ટની વાતો હોય કે પછી એમના સંઘર્ષની ગાથાઓ...!

રિયાલીટી શો માં પીરસાતા મનોરંજન પર સવાલો સતત ઉઠતાં રહે છે. સોની પર દર વીકએન્ડ આવતા 'ઈંડિયન આઈડોલ ' નો વિવાદ તાજો જ છે. કિશોરકુમારને ટ્રિબ્યુટના એપિસોડ પર એમના દીકરા અમીતકુમાર કે જે એ એપિસોડમાં ગેસ્ટ હતા એમની ટિપ્પણી ઘણું કહી જાય છે. પૈસા માટે પરાણે વાહવાહી કરવી પડી એવું કબુલ કરનાર અમીતકુમાર પછી તો સોનું નિગમ, અભિજિત સાવંત અને સુનિધિ ચૌહાણે પણ રિયાલીટી શો ની પોલ ખોલતા નિવેદનો આપ્યા. સોનુએ તો ત્યાં સુધી કહેલું છે કે આવા શો માં સ્પર્ધકને એની ટેલેન્ટ નહીં પણ એની દર્દભરી સ્ટોરી પરથી જજ કરાય છે. ઈંડિયન આઈડોલની ચાલુ સિઝનમાં સવાઈ ભાટની ગરીબીની બહુ વાતો થઈ રહી છે બિલકુલ એવી જ રીતે ગઈ સિઝનમાં સની હિંદુસ્તાનીની વાતો થતી હતી. જો કે પછી તો શો ના બચાવમાં હોસ્ટ આદિત્ય અને મનોજ મુંતશિરે પણ સ્ટેટમેન્ટ આપ્યા કે આપવા પડ્યા. જો કે એક અહેવાલ એવો પણ છે કે આ બધુ જ શો ની પબ્લિસિટી માટે વ્યવસ્થિતપણે ડિઝાઈન કરેલું હતું આફ્ટર ઓલ મામલા ટીઆરપી કા હી તો હૈ !!!!. સીંગીંગ રિયાલીટી શો ની વાત કરીએ તો શરૂઆતમાં જે સ્પર્ધકોને નવોદિત કે આપબળે શો માં આવેલા બતાવાય છે એની હકીકત પાછળથી એવી ખૂલે છે કે અસલમા આ સ્પર્ધક ઓલરેડી ક્વોલિફાઈડ સિંગર છે કે વર્ષોથી સીંગીંગ ક્ષેત્રમાં હોય છે અથવા તો સીંગીંગની વ્યવસ્થિત તાલીમ લીધેલા ગાયકો જ છે. સીંગીંગ રિયાલીટી શો પર તો અગાઉથી રેકર્ડ કરેલા ગીત પર ગાયકો લિપસિંક કરે છે એવા આરોપો પણ લાગી ચૂક્યા છે.

રોયાલિટી શોઝ અને વિવાદોને હમેશા નાતો રહ્યો છે. કૌન બનેગા કરોડપતીની નવી સિઝન ટૂંક સમયમાં જ સોની પર શરૂ થવાની છે. મહાનાયક અમિતાભ ફરી એકવાર દેવીઓ સજ્જનો સાથે હાજર થવાના છે, પણ આ જ કેબીસી પર પણ સ્પર્ધકોની ગરીબી કે એમના સંઘર્ષની ખોટી વાર્તાઓ બતાવવાનો આરોપ લાગી ચૂક્યો છે. ઈવન કેબીસીની ગઈ સિઝનમાં તો ઓલમોસ્ટ દરેક સ્પર્ધક પાછળ કઈક આવી જ વાર્તાઓ સામેલ હતી. દર્શકોની સહાનુભૂતિ મેળવવાની સાથે સાથે કેબીસી પર ઓડિયન્સ પોલમાં ગોટાળાનો આરોપ પણ લાગી ચૂક્યો છે. ઘણીવાર ૪૦-૫૦ લાખે પહોચનાર સ્પર્ધકને એટલો ઈઝી સવાલ પૂછવામાં આવે કે આપણને પણ નવાઈ લાગે. કેબીસી પર સરકારી નીતિઓને પ્રોત્સાહન આપતા સવાલો પૂછવાનો પણ આરોપ ગઈ સિઝનમાં લાગી ચૂક્યો છે. આવું જ કઈક કલર્સના પોપ્યુલર શો ' બિગ બોસ ' માટે પણ છે. જો કે બિગ બોસ તો સ્ક્રીપટેડ શો હોય એમ ચોખ્ખું દેખાઈ આવે છે. ખોટા ઝ્ગડા....ખોટા લફરા અને ખોટી વાતો જ આ શો ની ટીઆરપી છે. બિગ બોસ માટે તો એમ કહેવાય છે કે ભલે પરદા પર દર્શકોને એમ બતાવાતું હોય કે બિગ બોસના ઘરમાં કોઈ બહારનું આવી નથી શકતું પણ એના પર પણ બહારના લોકો દ્વારા સફાઈ કે રસોઈ કરવાના આરોપો લાગી ચૂક્યા છે. લડાઈ, ઝગડા, ડ્રામા માટે મશહૂર આ શો ને રિયાલીટી ગણવો કે નહીં એ દર્શકો પર છોડી દેવાનું. આ અને કઈક આવા જ આરોપો ઈંડિયાઝ મોસ્ટ વૉંટેડ અને એમટીવી સ્પીલ્ટવિલા શો પર પણ લાગ્યા છે.

જો કે ઈંડિયન ટેલીવિઝન પર રિયાલીટી શો ની એટલી લોકપ્રિયતા છે અને ખાસ તો ચેનલની તિજોરીમાં એને લીધે અઢળક આવક થાય છે કે લગભગ દરેક ચેનલ પર કોઈ ને કોઈ રિયાલીટી શો આવતા જ રહે છે. રૂપેરી દુનિયાના સિતારાઓ પર એની લોકપ્રિયતાથી અજાણ નથી એટ્લે જ અમિતાભ, અક્ષયકુમાર, શાહરુખ, સલમાન જેવા સિતારાઓ રિયાલીટી શો ને હોસ્ટ કરી ચૂક્યા છે કે દર સીઝને કરી રહ્યા છે. આ લીસ્ટમાં નવું નામ રણવીરસિંહનું પણ ઉમેરાયું છે. કલર્સ ચેનલ પર રણવીર એક ગેમ શો લાવી રહ્યો છે જેમાં ચિત્રોની સીરિઝને ઓળખવાની છે. ૨૫ મી જુલાઈથી શરૂ થનારા આ શો ના ૨૬ એપિસોડ પ્રસારિત થવાનું અત્યારે નક્કી છે. રિયાલીટી શો માં જીતેલા પછી ક્યાં ખોવાઈ જાય છે એ કોઈને ખબર નથી. અભિજિત સાવંત (ઈંડિયન આઈડોલ-૧ વિનર), કાઝી તૌકીર (ફેમ ગુરુકુલ), આશુતોષ કૌશિક (રોડીઝ સિઝન ૫) જેવા કેટલાયે આજે ગુમનામ યા તો ચર્ચામાં નથી તો સામે છેડે રિયાલીટી શોઝે આપણને અરજીતસિંઘ (ફેમ ગુરુકુલ), રાઘવ અને શક્તિ મોહન (ડાન્સ ઈન્ડિયા ડાન્સ), શાંતનુ મહેશ્વરી (બુગી વુગી), અંતરા મિત્રા (રંગ દે મુજે ગેરુઆ ફેમ), નેહા કક્કડ,મોનાલી ઠાકુર (ઈંડિયન આઈડોલ-૨), શ્રેયા ઘોષલ જેવા અનેકો કલાકારો પણ આપ્યા છે.

અસલમા આખો ખેલ ટીઆરપીનો છે. ચાહે બિગ બોસ હોય કે ઈંડિયન આઈડોલ કે પછી કોઈ પણ રિયાલીટી શો, જો કોઈ સ્પર્ધકથી ટીઆરપી નથી મળતી તો એને રુખસદ આપી દેવામાં આવે છે. સીંગીંગ રિયાલીટી શો માં ગરીબી અને સંઘર્ષ તો બિગ બોસ જેવામાં એકબીજા સાથે ના ભળતું હોય એવા લોકો કે પછી લગભગ દરેક રિયાલીટી શો માં જજીસના લડાઈ-ઝગડા, રોના-ધોના આવું બધુ બીજું કઈ નહી પણ ટીઆરપીનો ખેલ જ છે અને આવા રિયાલીટી શોઝને મોટાભાગના કિસ્સામાં દૂરદૂર સુધી સાચા ટેલેન્ટ સાથે કશુંજ લાગતું વળગતું નથી હોતું. મેકર્સ કહે જ છે કે લોકોને આવું જ જોવું ગમે છે અને સીંગીંગ શો માં અગાઉથી એસ્ટાબ્લીશ થયેલા ગાયકોને સામેલ કરવામાં કે બિગ બોસ જેવામાં ઓલરેડી વિવાદિત લોકોને લાવવાથી મેકર્સને શો ને લોકપ્રિય બનાવવામાં કે ટીઆરપી વધારવામાં આસાની રહે છે. આફ્ટરઓલ આ બધા જ રિયાલીટી શો મનોરંજક કાર્યક્રમો જ છે પણ સાવ સાદી રીતે જો એને પ્રસ્તુત કરાય તો દર્શકોનો ઉત્સાહ રહે નહીં એટ્લે દરેક શો કઈક ને કઈક ટ્વિસ્ટ સાથે રજૂ કરાય છે જેથી દર્શકોનો ઉત્સાહ અને સહાનુભૂતિ બંને જળવાઈ રહે. શો ને સફળ રાખવા આવું બધુ કરવું જરૂરી છે એટલું તો હવે આવા દરેક રિયાલીટી શો ના મેકર્સ જાણી ચૂક્યા છે એટ્લે દર્શકોનો રસ ટકાવી રાખવા દરહપ્તે નવા નવા ગેસ્ટને બોલવાય છે, વચ્ચે વચ્ચે સ્પર્ધકોના કુટુંબીજનો પણ ડોકાચિયું કરી જાય છે અને સ્ક્રીપ્ટ મુજબ મારો દીકરો કે દીકરી કેટલા સંઘર્ષ પછી અહી પહોચ્યો છે એનું ગુણગાન કરી જાય છે, જજીસના રોના-ધોના, ઝગડા, રિસામણા-મનામણાં, સ્પર્ધકોના આપસી ડ્ખ્ખા વગેરે વગેરે ઓલરેડી સ્ક્રીપ્ટમાં હોય જ છે. રિયાલીટી શો માત્ર ને માત્ર મનોરંજન માટે જોવા જ સહત કે લિયે અચ્છા હૈ બાકી જો એમાં રિયાલીટી શોધવા જાશો તો દુખી જ થવાના....એટ્લે હવે પછી જ્યારે ટીવી સ્ક્રીન પર નેહા રડવા માંડે તો તમે ના રડતાં !!!